મુહૂર્ત ટ્રેડિંગમાં રૂ.19,688 કરોડનું ટર્નઓવર નોંધાવી ટ્રેડરોએ નવા વર્ષનો પ્રારંભ કર્યો

સોના ચાંદીમાં નરમાઈ: ક્રૂડમાં ઉછાળો

કોમોડિટી વાયદાઓમાં રૂ.4639.09 કરોડ અને ઓપ્શન્સમાં રૂ.15049 કરોડનું ટર્નઓવર

મુંબઈ,તા.૦૫

એમસીએક્સ પર દિવાળીના પાવન દિવસે મુહૂર્તનાં સોદા માટે કામકાજનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ટ્રેડરોએ વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૯૬૮૮.૫૧ કરોડનું ટર્નઓવર નોંધાવી નવા વર્ષનાં કામકાજનો પ્રારંભ કર્યો હતો. કુલ કામકાજમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૬૩૯.૦૯ કરોડનાં કામકાજ થયાં હતાં, જ્યારે કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૫૦૪૯.૦૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ નવેમ્બર વાયદો ૧૯૬૧૩ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૩૬૦.૬૪ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં

રૂ.૨૯૬૬.૦૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૭૮૮૪૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૭૮૯૫૦ અને નીચામાં રૂ.૭૮૬૭૩ના મથાળે અથડાઈ, રૂ.૭૮૮૬૭ના આગલા બંધ સામે રૂ.૮૯ ઘટી રૂ.૭૮૭૭૮ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની નવેમ્બર વાયદો રૂ.૧૧૭ ઘટી રૂ.૬૩૬૫૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જ્યારે ગોલ્ડ-પેટલ નવેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪ વધી રૂ.૭૮૦૯ના સ્તરે પહોંચ્યો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૭૯ ઘટી રૂ.૭૮૭૫૦ના ભાવ થયા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૪૯૨૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૫૬૯૯ અને નીચામાં રૂ.૯૪૮૭૬ના મથાળે અથડાઈ, રૂ.૯૫૪૮૩ના આગલા બંધ સામે રૂ.૨૩ ઘટી રૂ.૯૫૪૬૦ના ભાવે બોલાયો હતો. આ સામે કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૨૯ ઘટી રૂ.૯૫૨૫૦ના ભાવ થયા હતા. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૭ ઘટી રૂ.૯૫૨૭૮ના સ્તરે પહોંચ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ.૬૬૩.૧૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબુ નવેમ્બર વાયદો ૨૦ પૈસા વધી રૂ.૮૪૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જ્યારે જસત નવેમ્બર વાયદો કોઈ ફેરફાર વગર રૂ.૨૮૫.૯૫ના ભાવે બોલાયો હતો. આ સામે એલ્યુમિનિયમ નવેમ્બર વાયદો ૪૫ પૈસા ઘટી રૂ.૨૪૧.૧ના ભાવ થયા હતા. જ્યારે સીસું નવેમ્બર વાયદો ૩૦ પૈસા ઘટી રૂ.૧૮૨.૪ના ભાવે બોલાયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.૧૦૦૮.૮૮ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ક્રૂડ તેલ નવેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૮૯૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૬૦૦૦ અને નીચામાં રૂ.૫૮૯૦ના મથાળે અથડાઈ, રૂ.૫૮૨૩ના આગલા બંધ સામે રૂ.૧૫૮ના ઉછાળા સાથે રૂ.૫૯૮૧ના ભાવ થયા હતા. જ્યારે ક્રૂડ તેલ-મિની નવેમ્બર વાયદો રૂ.૮ ઘટી રૂ.૫૯૭૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે નેચરલ ગેસ નવેમ્બર વાયદો એમએમબીટીયૂદીઠ રૂ.૧.૬ વધી રૂ.૨૨૮.૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જ્યારે નેચરલ ગેસ-મિની નવેમ્બર વાયદો રૂ.૧.૭ વધી રૂ.૨૨૮.૪ના ભાવે બોલાયો હતો.કૃષિચીજોમાં મેન્થા તેલ નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૩૬ના ભાવે ખૂલી, ૨૦ પૈસા વધી રૂ.૯૩૪.૩ના ભાવ થયા હતા.

ઓનલાઈન ઓર્ડર લઈને ખાદ્યપદાર્થોની ડિલિવરી કરતી કંપની

Swiggy IPO ખુલતા પહેલા જ કોર્ટે લગભગ રૂ.35 હજાર દંડ લગાવ્યો

6 નવેમ્બરે સબસ્ક્રિપ્શન માટે ખુલવા જઈ રહ્યો છે

મુંબઈ,તા.૦૫

ઓનલાઈન ઓર્ડર લઈને ખાદ્યપદાર્થોની ડિલિવરી કરતી કંપની સ્વિગીનો આઈપીઓ ૬ નવેમ્બરે સબસ્ક્રિપ્શન માટે ખુલવા જઈ રહ્યો છે અને રોકાણકારો આઈપીઓ પર નજર રાખી રહ્યા છે. આઈપીઓ પહેલા પણ કોર્ટે કંપની પર ભારે દંડ ફટકાર્યો હતો. સ્વિગીએ સુરેશ બાબુ નામના ગ્રાહક પાસેથી ફૂડ ડિલિવરી કરવા માટે ૧૦૩ રૂપિયાનો ડિલિવરી ચાર્જ વસૂલ્યો હતો, ત્યારપછી ફરિયાદ પર સુનાવણી કરતા કોર્ટે સ્વિગી પર ૧૦૩ રૂપિયાના ડિલિવરી ચાર્જ એટલે કે ૩૫,૪૫૩ રૂપિયા કરતાં લગભગ ૩૪૪ ગણો દંડ ફટકાર્યો હતો. વાસ્તવમાં, ૧ નવેમ્બર, ૨૦૨૩ ના રોજ, સુરેશ બાબુએ સ્વિગીમાંથી ફૂડનો ઓર્ડર આપ્યો હતો. સુરેશના લોકેશન અને રેસ્ટોરન્ટ વચ્ચેનું અંતર ૯.૭ કિમી હતું, જેને સ્વિગીએ વધારીને ૧૪ કિમી કરી દીધું. અંતર વધવાને કારણે સુરેશને સ્વિગીની મેમ્બરશિપ હોવા છતાં ૧૦૩ રૂપિયાનો ડિલિવરી ચાર્જ ચૂકવવો પડ્યો. કમિશનમાં ફરિયાદ નોંધાવતી વખતે, સુરેશે જણાવ્યું હતું કે સ્વિગી વન મેમ્બરશિપ હેઠળ, કંપનીએ ૧૦ કિમી સુધીની રેન્જમાં ફ્રી ડિલિવરીનું વચન આપ્યું હતું.કોર્ટે બાબુ દ્વારા આપવામાં આવેલા ગૂગલ મેપ્સના સ્ક્રીનશોટ અને અન્ય પુરાવાઓની સમીક્ષા કરી અને જાણવા મળ્યું કે અંતર અતિશયોક્તિભર્યું હતું.

સામાન્ય માણસને મોંઘવારીમાંથી રાહત!

ભારતનો ઘઉંનો લોટ ફરીથી 30/kg અને ચોખા 34/kgમાં ઉપલબ્ધ થશે

મુંબઈ,તા.૦૫

સામાન્ય માણસને મોંઘવારીથી રાહત આપવા માટે સરકારે મોટી પહેલ કરી છે. સામાન્ય જનતાને ઊંચા ભાવોમાંથી રાહત આપવા માટે સરકારે રાહત દરે 'ભારત' બ્રાન્ડ હેઠળ ઘઉંના લોટ (ભારત ઘઉં) અને ચોખા (ભારત ચોખા)ના છૂટક વેચાણનો બીજો તબક્કો શરૂ કર્યો. ઘઉંનો લોટ ૩૦ રૂપિયા પ્રતિ કિલો અને ચોખા ૩૪ રૂપિયા પ્રતિ કિલોના ભાવે સહકારી મંડળીઓ નેશનલ કોઓપરેટિવ કન્ઝ્યુમર્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા નેશનલ એગ્રીકલ્ચરલ કોઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા અને કેન્દ્રીય ભંડાર અને ઈ-કોમર્સ પ્લેટફોર્મ દ્વારા ૫ અને ૧૦ કિલોના પેકેટ. વેચવામાં આવશે.આ સહકારી મંડળીઓની 'મોબાઈલ વાન'ને ફ્લેગ ઓફ કર્યા પછી, ખાદ્ય મંત્રી પ્રહલાદ જોશીએ કહ્યું, ગ્રાહકોને રાહત આપવા માટે આ એક અસ્થાયી હસ્તક્ષેપ છે. સરકારે પ્રાઈસ સ્ટેબિલાઈઝેશન ફંડ હેઠળ બીજા તબક્કામાં છૂટક હસ્તક્ષેપ માટે ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા પાસેથી ૩.૬૯ લાખ ટન ઘઉં અને ૨.૯૧ લાખ ટન ચોખાની ફાળવણી કરી છે.જ્યાં સુધી ફાળવેલ સ્ટોક ખતમ ન થાય ત્યાં સુધી આ ચાલુ રહેશે, જો વધુ જરૂર પડશે, તો અમારી પાસે પૂરતી અનામત છે અને અમે ફરીથી ફાળવણી કરીશું.

14.58 લાખ ટન ચોખાનું વિતરણ કરવામાં આવ્યું

નવી કિંમતના માળખા હેઠળ, ઘઉંનો લોટ ૫ અને ૧૦ કિલોના પેકમાં ૩૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ઉપલબ્ધ થશે, જ્યારે ચોખા ૩૪ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચવામાં આવશે.પ્રથમ તબક્કાના ભાવમાં અનુક્રમે રૂ. ૨૭.૫ અને રૂ. ૨૯ પ્રતિ કિલોના ભાવથી થોડો વધારો થયો છે. પ્રથમ તબક્કામાં ચોખાના ઓછા વેચાણ પર જોશીએ કહ્યું કે સરકારનો ઉદ્દેશ્ય બિઝનેસ કરવાનો નથી. ેઉદ્દેશ્ય ગ્રાહકોને રાહત આપવાનો અને બજારમાં કિંમતોને નિયંત્રિત કરવાનો છે. મંત્રીએ કહ્યું કે જો માંગ હશે તો સરકાર નાના કદના પેકેટો લાવવા પર વિચાર કરશે. જોશીએ ચોખાના સરપ્લસ સ્ટોક હોવા છતાં ભાવમાં સ્થિરતા સમજવા માટે અભ્યાસ કરવા જણાવ્યું હતું. જો કે, તેમણે કહ્યું કે સામાન્ય ગુણવત્તાની જાતોમાં માત્ર નજીવી વધઘટ સાથે ભાવ મોટાભાગે નિયંત્રણમાં છે. પ્રથમ તબક્કામાં ઓક્ટોબર, ૨૦૨૩થી ૩૦ જૂન, ૨૦૨૪ સુધી ૧૫.૨૦ લાખ ટન ઘઉંનો લોટ અને ૧૪.૫૮ લાખ ટન ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જોશીએ ખાતરી આપી હતી કે ભવિષ્યમાં જરૂર પડ્યે સતત હસ્તક્ષેપ કરવા માટે પર્યાપ્ત અનામત ઉપલબ્ધ રહેશે. આ પ્રસંગે ખાદ્ય રાજ્ય મંત્રી બી.એલ. વર્મા અને ખાદ્ય સચિવ સંજીવ ચોપરા પણ હાજર હતા.

Jio દેશનો સૌથી મોટો IPO લાવી રહ્યું છે: વેલ્યુએશન 9.40 લાખ કરોડ રૂપિયા સુધી હોઈ શકે

નવી દિલ્હી,તા.૦૫

મુકેશ અંબાણીની ટેલિકોમ કંપની રિલાયન્સ જિયો આવતા વર્ષે ભારતનો સૌથી મોટો આઈપીઓ (ઈન્શિયલ પબ્લિક ઑફરિંગ) લૉન્ચ કરી શકે છે. **Jefferies**ના રિપોર્ટ અનુસાર, **Jio**નું વેલ્યુએશન ૯.૪૦ લાખ કરોડ રૂપિયા સુધી હોઈ શકે છે. જો કે, આઈપીઓની ચોક્કસ તારીખ અને ઈશ્યૂનું કદ હજુ નક્કી કરવામાં આવ્યું નથી. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ ૨૦૧૯માં કહ્યું હતું કે તેઓ પાંચ વર્ષમાં જિયો અને તેના રિટેલ બિઝનેસને શેરબજારમાં લિસ્ટ કરશે. તેના આધારે જિયો અને રિલાયન્સ રિટેલનો આઈપીઓ ૨૦૨૫ સુધીમાં આવી શકે છે, જોકે રિટેલ આઈપીઓમાં થોડો વિલંબ થઈ શકે છે.તાજેતરમાં, રિલાયન્સે તેના ડિજિટલ, રિટેલ અને ટેલિકોમ બિઝનેસમાં જંગી રોકાણ એકત્ર કર્યું છે. **KKR**, જનરલ એટલાન્ટિક અને અબુ ધાબી ઈન્વેસ્ટમેન્ટ ઓથોરિટી જેવા વૈશ્વિક રોકાણકારોએ તેમાં $૨૫ બિલિયનનું રોકાણ કર્યું છે. આ રોકાણો સમયે, કંપનીનું કુલ મૂલ્ય $૧૦૦ બિલિયન હોવાનો અંદાજ હતો.દેશની સૌથી મોટી ટેલિકોમ કંપની રિલાયન્સ જિયો સાથે સ્પર્ધા થશે , જે લગભગ ૪૮ કરોડ ગ્રાહકો ધરાવે છે. જો **Jio** તેની સ્ટારલિંક જેવી ઈન્ટરનેટ સેવા ભારતમાં લોન્ચ કરે છે, તો તેની સીધી સ્પર્ધા ઈલોન મસ્કની સ્ટારલિંક સાથે થશે.

૫મી નવેમ્બરથી શરૂ થઈને એટલે કે નહાય ખાયથી ૮મી નવેમ્બર સુધી છઠનો તહેવાર

જરૂરી વસ્તુઓની ખરીદીથી બજારો ગ્રાહકોની ભીડથી ધમધમવા લાગ્યાં

દેશભરમાં છઠ પૂજામાં 12,000 કરોડના સ્થાનિક બિઝનેસની આશા

બિહાર અને ઝારખંડ તેમજ વિવિધ રાજ્યોમાં રહેતા પૂર્વાંચાલી સમુદાયના લોકો ભાગ લેશે

મુંબઈ,તા.૦૫

૫મી નવેમ્બરથી શરૂ થઈને નહાય ખાયથી ૮મી નવેમ્બર સુધી છઠનો તહેવાર પૂરા ઉત્સાહ સાથે ઉજવવામાં આવશે. આ ૪ દિવસના ઉત્સવમાં સમગ્ર ભારતમાંથી ખાસ કરીને બિહાર અને ઝારખંડ તેમજ વિવિધ રાજ્યોમાં રહેતા પૂર્વાંચાલી સમુદાયના લોકો ભાગ લેશે.છઠ પૂજામાં મહિલાઓ, પુરુષો અને બાળકો સહિત લગભગ ૧૫ કરોડ લોકો ભાગ લે તેવી અપેક્ષા છે. આ ૯૬ કલાકમાં દેશની અર્થવ્યવસ્થાને ૧૨,૦૦૦ કરોડ રૂપિયાનો ફાયદો થઈ શકે છે. કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ છઠ પૂજામાં સમગ્ર દેશમાં આશરે રૂ. ૧૨,૦૦૦ કરોડનો વેપાર થશે, જે તેને ભારતના સૌથી સાંસ્કૃતિક રીતે મહત્વપૂર્ણ તહેવારોમાંના એક તરીકે ચિહ્નિત કરશે.છઠ પૂજા માત્ર બિહાર, ઝારખંડ અથવા દેશના પૂર્વ ભાગોમાં જ નહીં પરંતુ દિલ્હીમાં પણ ભવ્ય રીતે ઉજવવામાં આવે છે. ઘણા બજારો લોકો પરંપરાગત

છઠ પૂજા માટે જરૂરી વસ્તુઓની ખરીદીથી ધમધમી રહ્યાં છે. **CAT** ના રાષ્ટ્રીય અધ્યક્ષ બી.સી. ભરતિયાના જણાવ્યા અનુસાર, બિહાર અને ઝારખંડ ઉપરાંત પૂર્વી ઉત્તર પ્રદેશ, દિલ્હી, ઓડિશા, પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, છત્તીસગઢ, વિદર્ભ અને મધ્ય પ્રદેશમાં પણ છઠ પૂજા ખૂબ જ ઉત્સાહથી ઉજવવામાં આવે છે. ઘણા પૂર્વાંચલીઓ આ રાજ્યોમાં રહે છે, જેઓ સ્થાનિક અર્થતંત્રને વેગ આપવા માટે કામ કરે છે. આ તહેવાર, જેમાં અસ્ત અને ઉગતા સૂર્ય બંનેની પૂજા સામેલ છે, તે ભારતીય સંસ્કૃતિના સમાવિષ્ટ સ્વભાવનું પ્રતીક છે.વાંસની ટોપલી, કેળાના પાન, શેરડી, મીઠાઈઓ, ફળો અને શાકભાજી જેવી આવશ્યક છઠ પૂજા વસ્તુઓની ભારે માંગ છે.સાડી, લહેંગા-ચુન્ની, મહિલાઓ માટે સલવાર-કુર્તા અને પુરુષો માટે કુર્તા-પાયજામા, ધોતી સહિતના પરંપરાગત વસ્ત્રોની મોટા પ્રમાણમાં ખરીદી કરવામાં આવી રહી છે, જેનો લાભ સ્થાનિક વેપારીઓ અને નાના ઉદ્યોગોને મળી રહ્યો છે. નાના પાયે ઉત્પાદિત હાથથી બનાવેલી વસ્તુઓ પણ સારી રીતે વેચાઈ રહી છેસાંસદ પ્રવીણ ખંડેલવાલે જણાવ્યું હતું કે છઠ પૂજા માત્ર એક ધાર્મિક તહેવાર નથી પરંતુ ભારતીય સંસ્કૃતિનો અભિન્ન ભાગ છે, જે સામાજિક એકતા અને સમર્પણને પ્રતિબિંબિત કરે છે. તે વેપારને પણ પ્રોત્સાહન આપે છે અને સ્થાનિક ઉત્પાદકોને સીધો ફાયદો કરે છે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને મજબૂત બનાવે છે.છઠ પૂજા ઉપયોગમાં લેવાતા મોટાભાગના ઉત્પાદનો સ્થાનિક કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવે છે, જેનાથી રોજગારીની નવી તકો ઊભી થાય છે અને કુટીર ઉદ્યોગોને ટેકો મળે છે. ભરતિયાના મતે, છઠ પૂજા, તેના આધ્યાત્મિક મહત્વની બહાર, ભારતીય બજારોમાં નવી આર્થિક ઉર્જા લાવી વેપાર અને રોજગાર માટે એક મોટી તક તરીકે ઉભરી આવી છે.

ટાટા ગ્રુપની હોલ્ડિંગ કંપની ટાટા સન્સના બોર્ડમાં નોએલ ટાટાનો સમાવેશ કરાયો

13 વર્ષમાં પહેલીવાર રતન ટાટા પછી બદલાયા ટાટા પરિવારના નિયમો

ટાટા સન્સની વર્ચ્યુઅલ મીટિંગમાં આ સંદર્ભે ઓનલાઈન ઠરાવ પસાર

મુંબઈ,તા.૦૫

ટાટા ગ્રુપની હોલ્ડિંગ કંપની ટાટા સન્સના બોર્ડમાં નોએલ ટાટાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ નિમણૂક તેમને ટાટા ટ્રસ્ટના નામાંકિત સભ્ય તરીકે આપવામાં આવી છે.

ગયા મહિને રતન ટાટાના નિધન બાદ તેમને ટાટા ટ્રસ્ટના ચેરમેન બનાવવામાં આવ્યા હતા. દિવાળીની પૂર્વ સંધ્યાએ ટાટા સન્સની વર્ચ્યુઅલ મીટિંગમાં આ સંદર્ભે એક ઓનલાઈન ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. નોએલ ટાટા ગ્રૂપની અન્ય કંપનીઓના બોર્ડમાં પણ સક્રિય

છે. તેઓ ૨૦૧૧ પછી ટાટા પરિવારના પ્રથમ સભ્ય હશે જેઓ ટાટા ટ્રસ્ટ અને ટાટા સન્સ બંનેના બોર્ડમાં એકસાથે જોડાશે.

ટાટા ટ્રસ્ટ્સ ટાટા સન્સમાં ૬૬% હિસ્સો ધરાવે છે.૬૭ વર્ષીય નોએલ ટાટાના બોર્ડમાં જોડાવા સાથે, ટાટા સન્સ પાસે હવે ટાટા ટ્રસ્ટના ત્રણ નોમિની ડિરેક્ટર્સ છે, જેમાં TVSના ચેરમેન એમેરિટસ વેણુ શ્રીનિવાસન અને સંરક્ષણ મંત્રાલયના ભૂતપૂર્વ અમલદાર વિજય સિંહનો સમાવેશ થાય છે.

નોએલ ટાટા, સિંઘ, શ્રીનિવાસન અને મેહલી મિસ્ત્રી હાલમાં ટાટા ટ્રસ્ટનું સંચાલન કરતી કાર્યકારી સમિતિનો ભાગ છે. ટાટા સન્સે હજુ સુધી આ નિમણૂક અંગે કોઈ ટિપ્પણી કરી નથી. ટાટા સન્સના એસોસિએશનના આર્ટિકલ્સ અનુસાર, ટાટા ટ્રસ્ટ બોર્ડમાં એક તૃતીયાંશ ડિરેક્ટર્સને નોમિનેટ કરી શકે છે. હાલમાં ટાટા સન્સના બોર્ડમાં નવ ડિરેક્ટરો છે.

વિશ્વના મોટાભાગના અબજોપતિઓને શેરોમાં ભૂકંપથી મોટું નુકસાન થયું

નવી દિલ્હી,તા.૦૫

સપ્તાહના પ્રથમ દિવસે વિશ્વના મોટાભાગના શેરબજારોમાં ઘટાડો જોવા મળ્યો હતો, જેના પરિણામે વિશ્વના ટોચના ૧૦ અબજોપતિઓમાંથી નવની સંપત્તિમાં ઘટાડો નોંધાયો હતો. ભારતમાં પણ શેરબજારમાં જોરદાર ઘટાડો નોંધાયો હતો, આ ઘટાડાની અસરથી દેશના બે મોટા ઉદ્યોગપતિ મુકેશ અંબાણી અને ગૌતમ અદાણીને મોટો ફટકો પડ્યો છે . મુકેશ અંબાણી અમીરોની યાદીમાં સરકી ગયા છે અને ૧૦૦ અબજ ડોલરની ક્લબમાંથી બહાર છે. સોમવારે મુકેશ અંબાણી અને ગૌતમ અદાણી બંનેની કુલ સંપત્તિમાં ૪.૭૮ અબજ ડોલરનો ઘટાડો થયો છે. આ સિવાય ઈલોન મસ્કને પણ સોમવારે મોટો ફટકો પડ્યો, તેમની નેટવર્થમાં $૪.૩૯ બિલિયનનો ઘટાડો થયો.બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી વિશ્વના સૌથી અમીર લોકોની યાદીમાં એક સ્થાન નીચે ૧૭મા સ્થાને પહોંચી ગયા છે. તેની કુલ સંપત્તિ હવે $૯૮.૮ બિલિયન છે અને તે $૧૦૦ બિલિયન ક્લબમાંથી બહાર છે. મુકેશ અંબાણીને સોમવારે ૨.૭૨ અબજ ડોલર અથવા રૂ. ૨૩,૩૯૦ કરોડનું નુકસાન થયું હતું.

અમેરિકન આઈટી કંપનીના 13,000 જૂના કર્મચારીઓને પાછા લેવાયા

નવી દિલ્હી,તા.૦૫

દુનિયાભરમાં છટણીનો બીજો તબક્કો ચાલી રહ્યો છે ત્યારે આ કંપનીએ ૧૦૦, ૨૦૦ નહીં પરંતુ ૧૩,૦૦૦ જૂના કર્મચારીઓની ભરતી કરીને અજાયબી કરી બતાવી છે. કર્મચારીઓ માટે કંપની છોડ્યા પછી પાછા ફરવાનું હંમેશા દુર્લભ છે, ખાસ કરીને જ્યારે કંપનીની વૃદ્ધિની સંભાવનાઓ અંધકારમય દેખાતી હોય. અમેરિકન આઈટી કંપની કોગ્નિઝન્ટના લગભગ ૧૩,૦૦૦ ભૂતપૂર્વ કર્મચારીઓ પાછા ફર્યા છે. કંપનીના સીઈઓ રવિ કુમારે કહ્યું કે આ પુનરાગમન શક્ય બન્યું કારણ કે કંપની તેના પડકારોને પાર કરવામાં સફળ રહી છે. તેમણે કહ્યું કે કોગ્નિઝન્ટ હવે વૃદ્ધિ અને સ્થિરતા તરફ આગળ વધી રહી છે.

રેનાઈસસેન્સ કોર્પોરેશન લિમિટેડ (ફડચામાં)
નોંધાયેલ ઓફિસ: ફ્લેટ ૭૧ ટાવર એસીએસીઆઈએ-૨, વાટિકા સિટી, સેક્ટર ૪૯, ગુરુગ્રામ, હરિયાણા, ૧૨૨૦૧૮
સંપર્ક: ૯૧ ૯૩૧૨૦૧૦૫૧૯; ઈમેઈલ: renaissancecorporation.cirp@gmail.com

IBC, ૨૦૧૬ હેઠળ અસ્કયામતોનું ઈ-હરાજી વેચાણ
હરાજીની તારીખ અને સમય ૦૫/૧૨/૨૦૨૪
બપોરે ૦૩:૦૦ વાગ્યા થી સાંજે ૦૫:૦૦ વાગ્યા સુધી (દરેક ૫ મિનિટના અમર્યાદિત વિસ્તરણ સાથે)

IBC ૨૦૧૬ ની કલમ ૩૫(f) હેઠળ લિક્વિડેશન એસ્ટેટનો ભાગ બનાવતી **રેનાઈસસેન્સ કોર્પોરેશન લિમિટેડ (ફડચામાં)** ની માલિકીની અસ્કયામતોનું વેચાણ લિક્વિડેશન પ્રોસેસ રેગ્યુલેશન્સના રેગ્યુલેશન ૩૩ સાથે વાંચવામાં આવેલ. ઈ-ઓક્શન **"જેમ છે ત્યાં છે, જેવું છે તે આધાર અને કોઈ આશ્રય નહીં"** પર હાથ ધરવામાં આવશે.
વેચાણ ઈ-ઓક્શન સર્વિસ પ્રોવાઈડર ઈ-પ્રોક્યુરમેન્ટ ટેક્નોલોજીસ લિમિટેડ - ઓક્શન ટાઈગર દ્વારા વેબસાઈટ https://ncltauction.auction tiger.net દ્વારા કરવામાં આવશે.

અસ્કયામતો	અનામત કિંમત *	ઈએમડી	બિડ વધારવાનું મૂલ્ય
પેટ બોટલ ૭૬૮.૭૪ મી ના અક્રમાંકિત મિશ્ર ભંગાર	૯૦,૩૭,૫૦૦.૦૦	૯,૦૩,૭૫૦.૦૦	૧૦,૦૦૦

નોંધ-* GST ટેક્સ@૧૮% લાગુ
ઈઓઆઈ રજૂઆત માટેની છેલ્લી તારીખ. : ૨૦/૧૧/૨૦૨૪
નિરીક્ષણ માટેની છેલ્લી તારીખ : ૩૦/૧૧/૨૦૨૪ ના રોજ અથવા તે પહેલાં.
ઈએમડી રજૂઆતની છેલ્લી તારીખ : ૦૩/૧૨/૨૦૨૪ સાંજે ૫:૦૦ સુધી.
ઈ-ઓક્શનની તારીખ અને સમય : ૦૫/૧૨/૨૦૨૪ ના રોજ બપોરે ૩:૦૦ વાગ્યા થી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી

૧. નોંધ: વિગતવાર નિયમો અને શરતો, ઈ-ઓક્શન બિડ દસ્તાવેજ, ઘોષણા અને ઓનલાઈન હરાજી વેચાણની અન્ય વિગતો https://ncltauction.auctiontiger.net પર ઉપલબ્ધ છે. સંપર્ક વ્યક્તિ શ્રી પ્રવીણ કુમાર થેવરનો ૯૧-૯૭૨૨૭૭૮૨૮/૬૩૫૧૮૯૬૮૩૪/૦૭૯ ૬૮૧૩ ૬૮૫૫/૮૫૪ પર સંપર્ક કરો.
આધાર આચાર વ્યક્તિ: ૯૨૬૫૫૬૨૮૧૮/૯૨૬૫૫૬૨૮૨૧ ઈ-મેઈલ: praveen.thevar@auctiontiger.net, nclt@auctiontiger.net /support@auctiontiger.net
કોઈપણ સ્પષ્ટતાના કિસ્સામાં, કૃપા કરીને નીચે સહી કરનારનો પર renaissancecorporation.cirp@gmail.com સંપર્ક કરો.

તારીખ: ૦૫/૧૧/૨૦૨૪
સ્થળ: ગુરુગ્રામ

SD/-
મનોજ સહગલ
રેનાઈસસેન્સ કોર્પોરેશન લિમિટેડના લિક્વિડેટર
IP નોંધણી નંબર IPA-૦૦૨/IP-P૦૦૧૦૮/૨૦૧૭-૨૦૧૮/૧૦૨૫૬
સરનામું - ફ્લેટ ૭૧ ટાવર ACACIA-૨, વાટિકા સિટી, સેક્ટર ૪૯, ગુરુગ્રામ, હરિયાણા, ૧૨૨૦૧૮
સંપર્ક: ☎૯૧ ૯૩૧૨૦૧૦૫૧૯

પાવરગ્રીડ ભુજ ટ્રાન્સમિશન લિમિટેડ
(પાવરગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડની ૧૦૦% પેટાકંપની)
નોંધાયેલ ઓફિસ: B-9, કુતબ સંસ્થાકીય વિસ્તાર, કતવારિયા સરાઈ, નવી દિલ્હી-૧૧૦૦૧૬
કોર્પોરેટ ઓફિસ: ''સૌદામિની'', પ્લોટ નં.૨, સેક્ટર-૨૯, ગુરુગ્રામ, હરિયાણા-૧૨૨૦૦૧

સૂચના

૧. ઉપરોક્ત નામના અરજદારે પીટીશન-૧ : એસેટ-૧ : ભુજ - II ખાતે STM-16 ક્ષમતાના વધારાના FOTE (૫-MSP, તેજસ મેક)માટે ૨૦૨૪-૨૯ના ટેરિફ બ્લોક માટે ટ્રાન્સમિશન દર નક્કી કરવા માટે સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન, નવી દિલ્હી સમક્ષ અરજી દાખલ કરી છે.
૨. ઉપરોક્ત ટ્રાન્સમિશન સિસ્ટમના લાભાર્થીઓ (a) મધ્યપ્રદેશ પાવર મેનેજમેન્ટ કંપની લિ., જબલપુર (b) DNHDD પાવર ડિસ્ટ્રિબ્યુશન કોર્પોરેશન લિમિટેડ (c) ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ., વડોદરા, (d) વીજળી વિભાગ, ગોવા સરકાર, પણજી, (e) મહારાષ્ટ્ર રાજ્ય વીજળી વિતરણ કંપની લિ., મુંબઈ, (f) છત્તીસગઢ સ્ટેટ પાવર ડિસ્ટ્રિબ્યુશન કંપની લિમિટેડ, રાયપુર.
૩. દરની વિગતો:
પ્રોજેક્ટની એસસીઓડી : ૦૭.૦૧.૨૦૨૫
પ્રોજેક્ટની સીઓડી: ૦૧.૦૮.૨૦૨૪
પ્રોજેક્ટ માટે એફઆરએ મંજૂર થવાનો ખર્ચ: ૪૨ લાખ
અંદાજિત પૂર્ણ થવાનો ખર્ચ: ૩૫.૩૬ લાખ
૪. ૨૦૨૪-૨૯ ટેરિફ બ્લોક માટે ટ્રાન્સમિશન દર

(રૂ. લાખમાં)

સંપત્તિ નં.	સંપત્તિનું નામ અને તેનું સ્થાન	સીઓડી	૨૦૨૪-૨૫	૨૦૨૫-૨૬	૨૦૨૬-૨૭	૨૦૨૭-૨૮	૨૦૨૮-૨૯
૧	ભુજ-II ખાતે STM-16 ક્ષમતાના વધારાના FOTE (5-MSP, તેજસ મેક)	૦૧.૦૮.૨૦૨૪	૩.૬૭	૯.૭૭	૯.૩૩	૮.૮૯	૮.૪૪

૫. દરના નિર્ધારણ માટે કરવામાં આવેલી અરજીની નકલ અરજદારની વેબસાઈટ https://www.powergrid.in/en/powergrid-bhuj-transmission-limited-0 પર પોસ્ટ કરવામાં આવી છે.
૬. અરજીમાં સમાવિષ્ટ દરના નિર્ધારણ માટેની દરખાસ્તો પર સૂચનો અને વાંધાઓ, જો કોઈ હોય તો, લાભાર્થી સહિત કોઈપણ વ્યક્તિ દ્વારા સચિવ સમક્ષ, સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન ૬ઠ્ઠો, ૭મો અને ૮મો માળ, ટાવર બી, વર્લ્ડ ટ્રેડ સેન્ટર, નૌરોજી નગર, નવી દિલ્હી-૧૧૦૦૨૯ (અથવા અન્ય સરનામું જ્યાં કમિશનની ઓફિસ આવેલી છે) આ નોટિસના પ્રકાશનના ૩૦ દિવસની અંદર અરજદારને તેની કોર્પોરેટ ઓફિસના સરનામે એક નકલ સાથે મોકલવી

સ્થળ: ભુજ
તારીખ: ૦૩.૧૧.૨૦૨૪

Sd/-
શ્રી બી. કે. પ્રધાન
પ્રોજેક્ટ ઈન્ચાર્જ

PG/CC/Notice-118/Advt-151/2024-25

સમભાવ મીડિયા લિમિટેડ
SAMBHAAV GROUP
(CIN: L67120GJ1990PLC014094)
રજીસ્ટર્ડ ઓફિસ : સમભાવ હાઉસ, જજીસ બંગલો સામે, પ્રેમચંદ નગર રોડ, સેટેલાઈટ, અમદાવાદ - ૩૮૦ ૦૧૫.
ફોન : +૯૧ ૭૯ ૨૬૮૭ ૩૯૧૪/૧૫/૧૬/૧૭
ઈ-મેઈલ : secretarial@sambhaav.com **વેબસાઈટ :** www.sambhaav.com

પોસ્ટલ બેલેટની સૂચના:

કંપની અધિનિયમ, 2013ની કલમ 110 અનુસાર કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, 2014ના નિયમ 22 અને કોર્પોરેટ અફેર્સ મંત્રાલય, ભારત સરકાર અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરાયેલ પરિપત્રો, મુજબ પરેશ વાઘેલા (DIN: 10757484) અને બલવીરમલ કેવલમલ સિંઘવી (DIN: 05321014)ની 5 (પાંચ) વર્ષની મુદત માટે કંપનીના સ્વતંત્ર ડિરેક્ટર તરીકે નિયુક્તિ માટેનો વિશેષ ઠરાવ, **26મી ઓક્ટોબર, 2024** ની નોટિસમાં નિર્ધારિત, ઇલેક્ટ્રોનિક માધ્યમથી મતદાન કરીને પોસ્ટલ બેલેટ દ્વારા પસાર કરવાની દરખાસ્ત છે. ('રિમોટ ઇ-વોટિંગ'). આ સંબંધમાં, સભ્યોને આથી જાણ કરવામાં આવે છે કે સ્પષ્ટીકરણ નિવેદન સાથે પોસ્ટલ બેલેટ નોટિસ મોકલવાનું કામ **05મી નવેમ્બર, 2024** ના રોજ પૂર્ણ થયું હતું.
આ સૂચના નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (NSDL - www.evoting.nsdl.com) ની ઈ-વોટિંગ વેબસાઈટ પર ઈન્વેસ્ટર સેગમેન્ટ હેઠળ કંપનીની વેબસાઈટ www.sambhaav.com પર અને BSE લિમિટેડ (BSE - www.bseindia) ની વેબસાઈટ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (NSE - www.nseindia.com)ની વેબસાઈટ પર ઉપલબ્ધ છે, જ્યાં કંપનીના શેર સૂચિબદ્ધ છે. MCAના પરિપત્રોના પાલનમાં, કંપનીએ તેના સભ્યોને માત્ર રિમોટ ઈ-વોટિંગ સુવિધા પૂરી પાડી છે, જેથી તેઓ ભૌતિક પોસ્ટલ બેલેટ ફોર્મ સબમિટ કરવાને બદલે ઈલેક્ટ્રોનિક રીતે તેમનો મત આપી શકે. નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (NSDL) દ્વારા પૂરી પાડવામાં આવતી રિમોટ ઈ-વોટિંગ સુવિધા દ્વારા જ સભ્યોની સંમતિ અને અસંમતિનો સંચાર થશે.
ઇલેક્ટ્રોનિક મોડ દ્વારા મતદાન: નિયમનકારી આવશ્યકતાઓને અનુરૂપ, સભ્યો ફક્ત રિમોટ વોટિંગ દ્વારા જ વિશેષ ઠરાવો પર મત આપી શકે છે જે **07મી નવેમ્બર, 2024ના રોજ સવારે 09.00 વાગ્યે** શરૂ થશે અને **06મી ડિસેમ્બર, 2024ના રોજ સાંજે 05.00 વાગ્યે** સમાપ્ત થશે. જ્યારે NSDL દ્વારા રિમોટ એ-વોટિંગને અવરોધિત કરવામાં આવશે. **કટ-ઓફ તારીખ, 25મી ઓક્ટોબર, 2024**ના રોજ જે સભ્યોના નામ કંપનીના સભ્યોના રજિસ્ટરમાં અથવા ડિપોઝિટરીઝ દ્વારા જાળવવામાં આવેલા લાભદાયી માલિકોના રજિસ્ટરમાં નોંધાયેલા છે, તેઓ જ તેમના મત આપવા માટે હકદાર છે.
જે સભ્યોએ કંપનીમાં અથવા ડિપોઝિટરીઝમાં તેમના ઈ-મેલ સરનામાંની નોંધણી કરાવી નથી અને પોસ્ટલ બેલેટ નોટિસ મેળવવા અને/અથવા રિમોટ ઈ-વોટિંગ દ્વારા તેમના મત આપવા ઈચ્છતા હોય, તેઓએ તેમના ઈ-મેલ સરનામાંઓ કંપનીમાં રજીસ્ટર કરાવવા જરૂરી છે. આ માટે કંપનીના ઈમેઈલ secretarial@sambhaav.com. વૈકલ્પિક રીતે, કંપનીના રજીસ્ટ્રાર mcsstaahmd@gmail.com પર ઈ-મેલ દ્વારા તેમના નામ અને DP ID અને Client ID/ ફોલિયો નંબરનો ઉલ્લેખ કરીને તેમના ઈ-મેલ સરનામાની નોંધણી માટે વિનંતી કરતો પત્ર મોકલી શકે છે.
સ્ક્રુટિનાઈઝર: કંપનીએ મેસર્સ ઉમેશ વેદ એન્ડ એસોસિએટ્સના શ્રી ઉમેશ વેદ, પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરીને પોસ્ટલ બેલેટ માટે રિમોટ ઈ-વોટિંગ પ્રક્રિયાની નિષ્પક્ષ અને પારદર્શક રીતે ચકાસણી કરવા માટે સ્ક્રુટિનાઈઝર તરીકે નિયુક્ત કર્યા છે.
સંપર્ક વિગતો: ઈ-વોટિંગ પ્રક્રિયા સંબંધિત કોઈપણ પ્રશ્નોના કિસ્સામાં, સભ્યો www.evoting.nsdl.com ના હેલ્પ સેક્શન હેઠળ ઉપલબ્ધ સભ્યો માટે વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) અને ઈ-વોટિંગ વપરાશકર્તા માર્ગદર્શિકાનો સંદર્ભ લઈ શકે છે. ઈલેક્ટ્રોનિક માધ્યમથી મતદાન કરવાની સુવિધા સાથે જોડાયેલ કોઈપણ ફરિયાદના કિસ્સામાં સુશ્રી પલ્લવી માતરે સિનિયર મેનેજર, નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ ("NSDL"), ટ્રેડવર્લ્ડ, 'A'Wing, 4થો માળ, કમલા મિલ્સ કમ્પાઉન્ડ, ને સંબોધવામાં આવી શકે છે. સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ - 400 013, અથવા evoting@nsdl.com પર ઇમેઇલ મોકલો અથવા 022 - 48867000 પર કોલ કરો અથવા સંપર્ક કરો. MCS શેર ટ્રાન્સફર એજન્ટ લિમિટેડ mcsstaahmd@gmail.com પર, ટેલિફોન: 079-26580461/62/63ને સંપર્ક કરી શકાય છે.
મતદાનના પરિણામો: રિમોટ ઈ-વોટિંગના પરિણામો **મંગળવાર, 10મી ડિસેમ્બર, 2024ના રોજ** અથવા તે પહેલાં જાહેર કરવામાં આવશે. સ્ક્રુટિનાઈઝરના રિપોર્ટ સાથે જાહેર કરાયેલા પરિણામો, નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (NSDL - www.evoting.nsdl)ની ઈ-વોટિંગ વેબસાઈટ પર, ઈન્વેસ્ટર સેગમેન્ટ હેઠળ કંપનીની વેબસાઈટ www.sambhaav.com પર તથા BSE લિમિટેડ (BSE - www.bseindia.com) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (NSE - www.nseindia.com)ની વેબસાઈટ્સ પર, જ્યાં કંપનીના શેર સૂચિબદ્ધ છે, ત્યા તરત જ ઉપલબ્ધ થશે.

તારીખ : નવેમ્બર 05, 2024
સ્થળ : અમદાવાદ

બોર્ડના આદેશથી
સમભાવ મીડિયા લિમિટેડ વતી
મનિષા માલી-કંપની સેક્રેટરી